# ચિત્રાક્ષરી ૧૩

ઓરડો એકલો ઝુરી મરશે
એક બે બારીઓ મુકાવ બકા
ચંદ્રેશ નારાજ

મોંડ મોંડ કરીને તો ઓરડો બનાવ્યો છે;
બારીઓનો હનો આપી ના ચગાવ બકા!
મહેન્દ્ર શાહ

---




House warming party






'હરીને ગમે એ થાય છે'
આ સાચું હોય તો,
માણસને ના ગમે એ
હરીને ગમે છે કેમ ?
મનહર જમીલ

---

પણ હરીને ગમે છે કે નહીં એની ખબર કેવી રીતે પડે?
જ્યારે પણ એમને મળવા જઇએ..,
ત્યારે " હરી હોમ"  હોતા જ નથી!

મહેન્દ્ર શાહ

ધન દૌલત નાં ત્રણ જ વિકલ્પ છે.
આપી ને જાવ

છોડી ને જાવ

સંપી ને ખાવ

લઈ ને જાવ એવો વિકલ્પ કુદરતે
કોઈને આપ્યો નથી છતા પણ લોકો
આખી જીંદગી તેની પાછળ ભાગે
છે.💕

અજ્ઞાત

ચોથો પણ વિકલ્પ છે..,
(કો'કનું) કરીને આવ!

મહેન્દ્ર શાહ

***हर कोई पूछता है करते क्या हो तुम....!!***

***जेसे मोहब्बत कोई काम ही नहीं......!!***

**Posted: Geeta Doshi**



કાર્ટુનીંગ ને જોક મારવા ઉપરાંત તમે બીજું કંઇ કરો છો ખરા?
આઇ મીન.... એની કન્સ્ટ્રક્ટીવ ઓર પ્રોડક્ટીવ વર્ક?






સાચને સાચ્ચે જ કોઇ ફળ નથી;
પ્રેમીઓ સાચા જ કુંવારા રહી ગયા!
દિવ્યતા

કુંવારા રહી પ્રેમસુખનો આનંદ માણ્યો, પરણીને દુ:ખી તો ના થયા;
ઘણા બદનસીબ તો વગર પરણ્યે, પ્રેમ કર્યે,વાંઢા બિચારા રહી ગયા!
મહેન્દ્ર શાહ


લગ્ન ભલે ને ના કરે,
ડોહા કદી વરજીન
મરે ?!
મનહર જમીલ
એ તો ખબર નથી
પણ લગ્ન ના કરે તો
ડોહા કદી વરજી ન બને!
મહેન્દ્ર શાહ
Mahendra


લાગણી મારી.,
સુકાતી નથી,
તડકો બની ને
આવ તું.
અજ્ઞાત


માગણી એની;
ખૂટતી નથી,
કડકો બનીને
જાઉં હું !
મહેન્દ્ર શાહ

ક્યારેક જીંદગીમાં લીધેલો એક
નિર્ણય જીંદગી બદલી નાંખે છે..

*Pankita G Shah*



તો ક્યારેક મજબૂર જીંદગી જ
લીધેલ નિર્ણય બદલી નાખે છે!

મહેન્દ્ર શાહ




ભલું થજો અમારા
બાપાનું કે
નેહાળમાં બેહાડતી
વખતે
રાશી ઉપરથી અમારું
નામ
"મનહર" લખાવ્યું !
નઇ તો એ પે'લાં
"ગોરધન" હતું !

મનહર જમીલ

મનહરમાંથી " ગોરધન "
આખું જતું રહ્યું
કે " ધન " રહ્યું છે?

મહેન્દ્ર શાહ


પાગલપણું આ પ્રેમનું
હદથી વધી ગયું,
તે શેરીમાં ફરું છું કે જ્યાં
તારું ઘર નથી.
મરીઝ
Posted: Geeta Doshi
એ માનીને ના કરતો બંધ તારું પાગલપણું
કે મારું ત્યાં ઘર નથી;
ભૂલથી તું બીજી શેરીમાં પહોંચી ગયો હોઇશ,
બાકી હું બેઘર નથી!
મહેન્દ્ર શાહ


મિત્ર તારું નામ શું રાખું ?
"સ્વપ્ન" રાખું તો અધૂરું
લાગશે,
"દિલ" રાખું તો તૂટી જશે,
ચાલ "શ્વાસ" રાખું છુ,
"મૃત્યુ" સુધી તો સાથે રહેશે.
Posted: Bharat Sachania
જો કે શ્વાસ પર પણ વિશ્વાસ તો ના જ રખાય;
ખબરે ય નહી પડે, ને ગમે ત્યારે બંધ થઇ જશે!
મહેન્દ્ર શાહ

એના ગાલે શોભતા એ
તલ વિશે ન પૂછો
કોઇ...

ખોટું તારીફમાં ગઝલ
રચાઇ જશે...!!

દેવાગ દેસાઇ

ચાલો તલને જવા દઇએ, એના ખડતલ શરીર વિષે તો પૂછીએ ને?
એ બાબતમાં તમારું શું માનવું છે? એ પર કોઇ કવિતા લખાઇ જશે?

મહેન્દ્ર શાહ



જે ન વરસી હતી આજલગી
બસ એ પ્રેમની, હું હેલી છું !
"દિવ્યતા"

આજલગી વરસી નોં'તી એજ સારું છે તારા માટે;
નહીં તો એજ કહેત તને વરસવામાં તું વહેલી છું!
મહેન્દ્ર શાહ

નાહી ધોઈને
ચળકે ઈમારતો
વર્ષા ઋતુમાં
© આરતી પરીખ ૧૨.૭.૨૦૧૭

એજ વર્ષામાં
ટપકે પાણી છતે
ભીંજાય વર્ષા!
મહેન્દ્ર શાહ



વર્ષાબેનને
છત્રી પકડાવી દો
રસોડે જઇ!
Kishor Thakkar
( Converted in to Hayku
by Mahendra Shah )

છત્રી પકડે
તો રસોઇ કેમની
કરશે વર્ષા?
મહેન્દ્ર શાહ








વસિયતમાં શું લખું તને હું
મિલકતમાં તું એક છે મારી
ચંદ્રેશ નારાજ

વસિયતમાં લખવી ના હોય ફૂટી કોડી, તો મરજી તારી;
પણ મને મિલકત માની છટકવાની રીત આ નથી સારી!
મહેન્દ્ર શાહ